# ગુજરાતના જાહેર સ્થળોએ હવે વાઈ-ફાઈ હોટસ્પોટ લાગી જશે

## ૧000 મેગાવૉટ ગેસ બેઝ પાવર પ્લાન્ટથી ઉત્તર ગુજરાત બદલાશે

ડીજીટલ ઈન્ડિયાના મિશન સાથે ગુજરાત સરકારે ડીજીટલ ગુજરાતનો નારો જોડી દીધો છે. સરકારી સેવાઓ ઓનલાઈન થઈ ચૂકી છે અને

**આનંદીબેનનો પણ એ જ ટારગેટ જે મોદીનો હતો-મહિલા અને યુવાનો**



તેનો લાભ ગુજરાતની છ કરોડની જનતા લઈ શકે તે માટે સરકાર સરળ ઈન્ટરનેટ એક્સેસ સુવિધા પૂરી પાડવા જઈ રહી છે. ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં વાઈફાઈ ગુજરાતનો કોલ આપ્યો હતો તેને પૂરો કરવા માટે મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક વર્ષમાં ૨૦ કરોડ રૂપિયા ખર્ચવાનું નક્કી કર્યું છે. આ રૂપિયા રાજયના વિવિધ જાહેર સ્થળોએ વાઈફાઈ હોટસ્પોટ બનાવવા ખર્ચાશે તેવું કહેવામાં આવે છે. જો કે આ વાઈફાઈની સુવિધાનો લાભ લેવા લોકો પાસે સ્માર્ટફોન હોવા જરૂરી છે, એટલે કે સરકાર સ્માર્ટફોનની ખરીદીમાં લોકો માટે કોઈ યોજના બનાવે તે ખાસ જરૂરી બન્યું છે...

**પશ્ચિમ ભારતના ભૂકંપનો અભ્યાસ થશે ...**

ધરતીકંપ અંગેનું સંશોધન કરતી ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ આઈએસઆર એ ગુજરાતમાં મેપીંગનું કામ પૂર્ણ કર્યું છે. ભૂકંપની શક્યતા દર્શાવતા ઝોન પણ તૈયાર કર્યા છે. હવે આ સંસ્થાએ તેનો પાલવ પહોળો કર્યો છે. ડો. બી.કે.રસ્તોગી કે જેઓ આ સંસ્થાના ડાયરેક્ટર જનરલ છે. તેમણે સરકારને એક દરખાસ્ત કરી હતી કે આપણે ગુજરાત ઉપરાંત સમગ્ર પશ્ચિમ ભારતમાં કામ કરીએ તો બીજા રાજયોને પણ આપણા અભ્યાસનો લાભ મળી રહે તેમ છે.સરકારે તેમની આ દરખાસ્તને સ્વિકારી છે અને પશ્ચિમ ભારતમાં ધરતીકંપના જોખમોની આકારણી માટે જમીન બંધારણનો અભ્યાસ નામે પ્રોજેક્ટ શરૂ કરવાની સંમતિ આપી છે. બીજા રાજયોના આવા અભ્યાસ માટે ગુજરાત સરકાર પ્રથમ તબક્કે ૫.૫૮ કરોડનો ખર્ચ કરશે. જો કે આ પ્રોજેક્ટને ભારત સરકારનું લેબલ લાગી જાય તો નવાઈ પામવા જેવું નથી...




**ટુરિઝમે પાંચ કરોડની લોન લીધી, સરકાર સાત કરોડ વ્યાજ માગે છે**

**ઉત્તર ગુજરાતની તસવીર બદલાશે ...**

દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર




દિલને ફિર યાદ કિયા - નગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા શિવરંજની દ્વારા શનિવારની રાત્રે જુના હિન્દી ફિલ્મ ગીતોનો યાદગાર કાર્યક્રમ યોજાયો હતો. ગાયક કલાકારો દ્વારા લોકપ્રિય રોમેન્ટીક ગીતો રજૂ કરીને પ્રેક્ષકોના મન જીતી લીધા હતા. (તસવીર : દિપક જાની)

# જિલ્લાના ૨૭ ગામોમાં કૃષિ લાયબ્રેરી ઉભી કરાશે

## કૃષિ મહોત્સવ દરમિયાન આ યોજના અમલી બનાવવા વિચારણા

ગાંધીનગર, તા.૨૯

જિલ્લાના ૨૭ ગામોમાં કૃષિ મહોત્સવ દરમિયાન કૃષિ લાયબ્રેરી ઉભી કરવાનું અનોખું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આગામી અખાત્રીજથી જિલ્લામાં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે કૃષિ મહોત્સવની ઉજવણીમાં ફેરફાર કરાયો છે અને જિલ્લા પંચાયતની બેઠક દીઠ ખેડૂતો સાથે કૃષિ ગોષ્ઠી નામક સંમેલનોનું આયોજન કરાશે.

રાજય સરકારે કૃષિ મહોત્સવ દરમિયાન અપાતી વિવિધ કીટસનું વિતરણ પણ બંધ કરવાનો મહત્વનો નિર્ણય લીધેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હાલ ૨૭ બેઠકો છે એટલે ૨૭ કૃષિ સંમેલનો થશે. મળતી વિગતો પ્રમાણે આ સંમેલનના સ્થળે કૃષિની નવીન પધ્ધતિઓ તેમજ સરકારની વિવિધ સહાય યોજનાઓ અને પ્રજા લક્ષી કલ્યાણકારી યોજનાઓના પણ વિશેષ સ્ટોલ્સ દરેક સંમેલનના સ્થળે ઉભા કરવાનું આયોજન છે.

જિલ્લામાં ખેડૂતોને કૃષિની વિવિધ જાણકારી મળી રહે તે માટે ખાસ કૃષિ લાઈબ્રેરી જે તે પંચાયતની કચેરીમાં જ શરૂ કરવા અંગેની વાત પણ તંત્રની વિચારણામાં છે.

કૃષિ મહોત્સવના આયોજનને એકાદ બે દિવસમાં આખરી ઓપ આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. રાજય સરકારે આ વખતે રવિ કૃષિ મહોત્સવની ઉજવણીને મળેલા પ્રતિસાદને પગલે અખાત્રીજથી શરૂ થતા કૃષિ મહોત્સવમાં પણ બદલાવ કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા દસ વર્ષથી કૃષિ મહોત્સવની ઉજવણી રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તે ઉલ્લેખનીય છે.

# એપ્રિલ મહિનામાં દસ રજાઓથી સરકારી કર્મચારીઓમાં ખુશીની લહેર

ગાંધીનગર, તા. ૨૯

ઘણા દિવસો બાદ સરકારી કચેરીઓમાં સળંગ રજાઓના સંજોગો ઉભા થયા છે. એપ્રિલ માસમાં દસ દિવસની રજા મળતી હોવાથી ઘણા સરકારી કર્મચારી અધિકારીઓએ એકાદ-બે દિવસની રજા મુકી સળંગ ત્રણ-ચાર દિવસની રજાનો મેળ પાડી દીધો છે.

રજાઓનો મહત્તમ લાભ મેળવતા સરકારી કર્મચારીઓ-અધિકારીઓ માટે પુન: સળંગ રજાઓનો મેળ સર્જાયો છે.

એપ્રિલ મહિનામાં રવિવાર અને બીજો-ચોથો શનિવાર મળી કુલ દસ રજાઓનો લાભ મળવાનો છે. બીજી અને ત્રીજી એપ્રિલના રોજ સળંગ બે રજા આવે છે. બીજી એપ્રિલને ગુરૂવારે મહાવીર જયંતિની રજા છે તો ત્રીજી એપ્રિલને શુક્રવારે ગુડ ફ્રાઈડેની રજા છે. વળી ચોથી એપ્રિલે હનુમાન જયંતિની મરજીયાત રજા છે જો ચોથી એપ્રિલે એક મરજિયાત રજા મુકી દેવાય તો સળંગ ચાર દિવસની રજા મળી શકે છે. તે પછીના અઠવાડિયે ૧૪મી એપ્રિલે આંબેડકર જયંતિની રજા છે અને ૨૦મીએ પરશુરામ જયંતિની રજા છે. શનિ-રવિનું સેટીંગ કરી આગળ-પાછળ બે ત્રણ પરચુરણ રજા મુકી દેવાય તો મીની વેકેશનનો લાભ કર્મચારીઓને મળી શકે છે. એપ્રિલ મહિનામાં બાળકોની પરીક્ષાઓનો માહોલ હોવાથી ઘણા કર્મચારીઓએ ખાસ કરીને મહિલા કર્મચારીઓએ સળંગ રજાઓનો લાભ લેવા અગાઉથી જ પ્લાનીંગ કરી દીધું છે અને રજાઓ મંજૂર કરાવી લીધી છે.

# આજે કોંગ્રેસના ધારાસભ્યોની બેઠકમાં આશ્ચર્યજનક કાર્યક્રમ ઘડાશે

ગાંધીનગર, તા.૨૯

વિધાનસભા અંદાજપત્ર સત્ર પૂર્ણ થવાને આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે ત્યારે વિપક્ષ કોંગ્રેસ દ્વારા કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમ આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે બપોરે ૧૧ કલાકે વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં વિપક્ષ દ્વારા આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવવા માટેની વ્યુહરચના ઘડી કાઢીને કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમ આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ અગાઉ વિધાનસભા ગૃહમાં નાણા વિભાગની માંગણીઓની ચર્ચામાં વિપક્ષના નેતાએ વધુ સમય ફાળવવામાં ન આવતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ગૃહમાં ધાંધલ ધમાલ મચાવી હતી અને ગૃહની બહાર સ્પીકરની ચેમ્બર બહાર લોબીમાં કુંડાઓની ભારે તોડફોડ કરી હતી.

ધાંધલ ધમાલ કરનાર કોંગ્રેસના સભ્યોને બે દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં તેમજ તોડફોડ કરનાર ધારાસભ્યો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# રાજ્યમાં ટુંક સમયમાં તલાટીની ભરતી કરાશે

## અંદાજીત-૧ એપ્રિલે જાહેરાત પ્રસિદ્ધ થશે : ૪ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે : સૂત્રો

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવાનો માટે આગામી માસમાં એક ખુશીના સમાચાર રાજ્ય સરકાર દ્વારા આવનાર છે.

રાજ્ય સરકારે વર્ષના પ્રારંભથી જ સરકારી નોકરીમાં ભરતીની મોસમ પુરબહારમાં ખિલવી છે અને એક પછી એક અનેક વિભાગોની ખાલી પડેલી જગ્યાઓ ભરવા ભરતી પ્રક્રિયાઓનો આરંભ કર્યો અને હવે પોલીસની ભરતી પ્રક્રિયાની જાહેરાત બાદ ટુંકમાં જ રાજ્યના ગામડાઓમાં તલાટીની ખાલી જગ્યાઓ ભરવા અંદાજે ૨૪૦૦થી વધુ તલાટી માટેની જોહરાત આગામી એપ્રિલ માસમાં પ્રસિદ્ધ થનાર છે. જેને લઈ વિદ્યાર્થીઓમાં પણ ઉત્સુકતા દેખાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પવન ફુંકાતા ઠેર ઠેર સુકા પાંદડાના ઢગ



(તસવીર : કશ્યપ નિમાવત)

**મોસમનો મિજાજ બદલાતા શનિવારની સાંજે ભારે પવનને પગલે જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારમાં ઢગલાબંધ વૃક્ષોના પાંદડા ખરી પડ્યા હતા અને સમગ્ર ધરતી પર જાણે પીળી ચાદર છવાઈ હતી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં આજે ફરી એક વાર મોસમનો મિજાજ બદલાયો હતો. બપોર બાદ મોસમમાં બદલાવ થતા ભારે પવન ફુંકાતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો ધસી આવ્યા હતા. શહેરમાં પવન ફુંકાતા જાહેર માર્ગો પર અને રહેણાંક વિસ્તારમાં વૃક્ષોનાં પાંદડા ખરી પડયા હતા. પરિણામે ચોતરફ બસ પાંદડા ની ચાદર પથરાઈ ગઈ હતી.

શહેરના મોસમમાં એકાએક બપોર બાદ ઘમઘોર વાદળ છાયુ દ્દશ્ય જોવા મળ્યું હતું અને ભારે પવન પણ ફુંકાયો હતો. આથી ઉનાળાના પ્રારંભે સુકાઈ ગયેલા વૃક્ષોના પાંદડા આ પવનના પ્રવાહમાં વૃક્ષો પરથી નીચે ખરી પડયા હતા. પરિણામે શહેરના મુખ્યમાર્ગો, આંતરિક માર્ગો, અને રહેણાંક વિસ્તારોમાં રહીશોના ઘરની આસપાસ સુકા પાંદડાઓના ઢગલા થઈ ગયા હતા. શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્થાનિક મહાનગર પાલિકા તંત્ર મોટા મોટા મશીનો અને સફાઈ કામદારોની મદદથી આ માર્ગોને સાફ કરી રહ્યા છે. પરંતુ આજે આ પવન ફુંકાતા સફાઈ કામદારોએ કરેલી સફાઈ અને મહેનત પર ફરી કચરો ફરી વળ્યો હતો. આમ આ ખરેલા સુકા પાંદડા ને લીધે ચારે બાજુ પાંદડાના ઢગલા જોવા મળી રહ્યા છે.

# ગુજકેટની પરીક્ષા સાતમી મેના રોજ યોજાશે : ૧૦મી એપ્રીલ સુધી રજીસ્ટ્રેશન

## ગુજકેટ પરીક્ષાના ઓનલાઈન રજિસ્ટ્રેશનનો શુભારંભ કરાયો

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે જેથી પરીક્ષાના બોજથી મુક્ત બનેલ વિદ્યાર્થીઓ હવે ગુજકેટની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. આ ગુજકેટ ૨૦૧૫ની પરીક્ષાના ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ થઈ ગયો છે. વિદ્યાર્થીઓએ આ રજિસ્ટ્રેશન ૧૦ એપ્રિલ સુધીમાં કરાવવાનું રહેશે અને ગુજકેટની પરીક્ષાનું આયોજન ૭મી મેના રોજ કરાયું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૪ અને ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ છે. હવે ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૨ની પરીક્ષા આવતીકાલથી શરૂ થઈ રહી છે ત્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડિકલ-ડેન્ટલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માટે ફરજિયાત લેવાતી ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષા સત્તાવાર તારીખ બોર્ડે જાહેર કરી દીધી છે. જે મુજબ આગામી સાતમી મેના રોજ પરીક્ષાનું આયોજન કરાયું છે. વિદ્યાર્થીઓએ ફરજિયાત ઓનલાઈન રજિસ્ટ્રેશન બોર્ડની વેબસાઈ પર લોગઈન કરી ગુજકેટ ૨૦૧૫નું રજિસ્ટ્રેશન કરાવી દેવાનું રહેશે, જે ૧૦ એપ્રિલ સુધી કરી દેવાનું રહેશે. ઉમેદવારે ફોટો અને હસ્તાક્ષર પણ અપલોટ કરાવાના રહેશે જેમાં ઈમેઈલ અને મોબાઈલ નંબરની વિગતોપણ ફરજિયાત ભરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના મેડિકલ ડેન્ટલ અને પેરામેડિકલ અભ્યાસક્રમોમાં ગુજકેટ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના સંયુક્ત માર્કને આધારે આપવામાં આવશે જેમાં બોર્ડની પરીક્ષાનો ગુણભારાંક ૬૦અનેગુજકેટનીપરીક્ષાનો ગુણભારાંક ૪૦ટકા ગણાય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્બી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com